


## (A - 5)
## આટલો સંદેશો ચંદા જિનજીને કહેજો,

આટલો સંદેશો ચંદા જિનજીને કહેજો,
તેનો પ્રત્યુત્તર અમને દેજો સંદેશો ચંદા જિનજીને કહેજો. ૧

શ્રી સીમંધરસ્વામી દૂરે વસો છો,
વંદના સ્વીકારી મારી લેજો.—સંદેશો ચંદા૦ ૨

તુજ પદ–પંકજ મુજ મન–ભૃંગ,
ચિત્તમાં લાગ્યો મજીઠો રંગ—સંદેશો૦ ચંદા૦ ૩

તરણતારણ પ્રભુ મુજને તારો,
તારક બિરુદને ધરજો—સંદેશો ચંદા૦ ૪

તુજ વિરહમાં પ્રભુ ટળવળતો દેખી,
સેવકને ઝટ તારી લેજો.—સંદેશો ચંદા૦ ૫

તુજ સેવામાં પ્રભુ દેવ છે કોડી,
એક મોકલજો આવે દોડી.—સંદેશો ચંદા૦ ૬

તો મુજ આશા પૂરણ થાય,
આનંદ મંગળ વરતાય.—સંદેશો૦ ચંદા૦ ૭

દેવાધિદેવ તું તો દીન-દયાળ,
હું વિનવું બે કર જોડ નાથ.—સંદેશો ચંદા૦ ૮